**પેજ નં.૧૫**

**(શરૂ–૦૨:૪૬, પુર્ણ–૦૫:૫૧)**

**<u>સોગંદ આપ્યા...</u>**

**<u>વાદી હીમાંશુ ચંદુલાલ ઠકકરની આંક–૨૪૮ની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧.૧, ૧.૨, ૧.૪, ૧.૫, ૧.૬, ૧.૭, ૧.૮ના વારસો, ૧.૧૦ અને ૧.૧૧ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી સી.ડી.કારીયા.</u>**

વિ.વ.શ્રી હાજર ન હોય અરજી કે રજુઆત પણ તે અંગે ન હોય તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કર્યો.

**<u>વાદી હીમાંશુ ચંદુલાલ ઠકકરની આંક–૨૪૮ની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧.૩ અને ૧.૯ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એમ.જે.મહેતા.</u>**

૧. હું હિન્દુસ્તાન કોર્પોરેશનના પ્રોપરાઈટર તરીકે જમીન વિકાસનો તેમજ ઈમ્પોર્ટ કરવાનો ધંધો કરુ છુ. અમે ફર્નીચર કોમ્પોનન્ટસ વેચાણ કરવાનો ધંધો કરીએ છીએ. હું છેલ્લા ૨૫ વર્ષથી જમીન લે–વેચનો ધંધો કરુ છુ. હું છેલ્લા ૨૫ વર્ષથી જમીન લે–વેચનો ધંધો કરુ છુ તેમા મે આશરે પંદરેક જેટલા જમીન લે–વેચના વ્યવહારો કરેલ છે. મે મારો હિન્દુસ્તાન કોર્પોરેશનના પ્રોપરાઈટર હોવા અંગેનો દસ્તાવેજી પુરાવો કોર્ટ રેકર્ડમા સામેલ રાખેલ છે. મે અત્યાર સુધી જેટલી જમીન ખરીદ વેચાણ કે ડેવલપ કરી અથવા જેટલા પ્રોજેકટસ પુરા કર્યા તે બાબતનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. હું ઈન્દુમતીબેનને મારા કામ માટે હળવદ અવારનવાર આવતો હોવાથી ઓળખુ છુ અને તેમના ભાણેજ જગદીપ બોલેના

અમદાવાદના ફ્લેટની સામે મારો ફ્લેટ હતો ત્યાં ઈન્દુમતીબેન અવારનવાર આવતા હોવાથી ઓળખાણ થયેલી. હું દાવાના કામે જગદીપભાઈ બોલેને અમદાવાદના મારા ફ્લેટની સામે રહેતા હોવાથી તે રીતે ઓળખુ છુ. એ વાત ખરી છે કે દાવાવાળી મીલકત હળવદ મુકામે હીરાવાડી તરીકે ઓળખાય છે. એ વાત ખરી નથી કે આ દાવાવાળી મીલકત ખુલ્લી જગ્યા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પાર્ટલી ખુલ્લી જગ્યા છે.

સવાલ:– આ દાવાવાળી જમીન ખેતીલાયક જમીન છે?

જવાબ:– હા, આ દાવાવાળી જમીન એન.એ. થયેલ નથી અને નામ. ગુજરાત હાઈકોર્ટે કલેકટરશ્રી સુરેન્દ્રનગર, મોરબી, હળવદને એન.એ. કરવા માટે હુકમ કરેલ છે.

મને નીશાની–૨૪૭/૨ બતાવવામા આવે છે જે જોઈને જણાવુ છુ કે હું નામ.ગુજરાત હાઈકોર્ટે કલેકટરશ્રી સુરેન્દ્રનગર, મોરબી, હળવદને એન.એ. કરવા માટે જે હુકમ કરેલ તે જ હુકમની ઝેરોક્ષ નકલ છે અને હું આ હુકમની ઝેરોક્ષ નકલના આધારે જ દાવાવાળી જમીન એન.એ. થયેલ હોવાનુ જણાવુ છુ. નીશાની–૨૪૭/૨ રજુ દાખલ **આંક–૨૫૧.** એ વાત ખરી છે કે નામ. ગુજરાત હાઈકોર્ટે આંક–૨૫૧ના પેરા નં.૧૪મા એવુ જણાવેલ છે કે *હાલની અરજી અંશત: મંજુર કરવામા આવે છે અને વિધ્વાન કલેકટરશ્રી સુરેન્દ્રનગરને આદેશ કરવામા આવે છે કે, તેઓ સમક્ષ પેન્ડીગ રહેલ એન.એ. પરમીશનની અરજદારની અરજીનો નીર્ણય કરવો કે જે અરજી વિધ્વાન એસએસઆરડી ધ્વારા તેઓને ફરી ચલાવવા માટે પરત કરેલ છે તે હાલના હુકમમા કરેલ ઓબઝર્વેશનમા ધ્યાનમા રાખીને અરજદારને યોગ્ય તક આપીને સાંભળીને વિધ્વાન કલેકટરશ્રીએ હાલનો હુકમ મેળવ્યાની તારીખથી ત્રણ મહીનામા તેનો નીર્ણય કરવો,* તેવો આદેશ કરેલ છે.

(૨) આંક–૨૫૧ના હુકમ અન્વયે અમોએ કલેકટરશ્રી સમક્ષ આ અંગે કાર્યવાહી કરેલ છે.

S.P..C.S. 18/2018
આંક–૨૪૮નુ સાંધણ

સવાલ:– આંક–૨૫૧ના આદેશ અન્વયે કલકેટરશ્રી સમક્ષ આપે કરેલ કાર્યવાહીમા કલેકટરશ્રીએ એન.એ.નો હુકમ કરી દીધેલ છે?

જવાબ:– ના, કાર્યવાહી ચાલુ છે.

આંક–૨૫૧ના નામ. ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ કલેકટરશ્રીએ અમારી એસએસઆરડી  ધ્વારા પરત કરેલ એન.એ.ની કાર્યવાહીનુ રેકર્ડ નામ.ગુજરાત હાઈકોર્ટના આદેશ મેળવ્યાની તારીખથી ત્રણ માસમા કલેકટરશ્રીએ પુર્ણ કરેલ નથી તે અંગે મે નામ. ગુજરાત હાઈકોર્ટના અદેશની અવગણના અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી.

સવાલ:– નામ. કલેકટર, સુરેન્દ્દનગર સમક્ષ એન.એ. પ્રકરણ હાલ કયા તબકકે છે?

જવાબ:– નામ. કલેકટર, સુરેન્દ્દનગર સમક્ષ ચાલતા એન.એ. પ્રકરણની ફાઈલો મળતી નથી અને મને કલેકટર સુરેન્દ્દનગર કચેરીએ મોરબી જવા જણાવેલ, મોરબી કલેકટર કચેરીમા આ અંગે તપાસ કરતા, મને ફરીથી અરજી કરવા અથવા તો આ કાગળો લઈને આવવા જણાવેલ છે. એ વાત ખરી છે કે આજની તારીખે દાવાવાળી જમીન એન.એ. થઈ નથી. મારા સરતપાસના સોગંદનામામા જણાવેલ હકીકતો સાચી છે.

સવાલ:– તમારી સરતપાસના પેજ નં.૯ ઉપર પ્રથમ પેરેગ્રાફમા છેલ્લેથી પાંચમી લીટીમા આપે *તથા એન.એ.ની અરજી પણ હાઈકોર્ટમા ફાઈનલ હીયરીંગના સ્ટેજે છે અને જેની સુનવણી થઈને  તેનો હુકમ અમો વાદીના લાભમા આવશે તો કરારમા જણાવ્યા મુજબ તુરત જ બાકીની રકમ ચુકવી આપશે જેની સંપુર્ણ તૈયારી અમો વાદીની છે,* તેવુ જણાવેલ છે તે સાચુ છે?

જવાબ:– હા.

એ વાત ખરી નથી કે મારી આંક–૨૪૮ની સરતપાસના પેજ નં.૯ના પ્રથમ પેરેગ્રાફમા છેલ્લેથી પાંચમી લીટીમા મે એન.એ.ની અરજી નામ. ગુજરાત હાઈકોર્ટમા ફાઈનલ હીયરીંગના સ્ટેજે પેન્ડીંગ છે, તેવી હકીકત જણાવી છે અને કલેકટરશ્રી

સુરેન્દ્રનગર સમક્ષ એન.એ.ની કાર્યવાહી પેન્ડીંગ હોવાની હકીકત જણાવુ છુ તે બંને વિરોધાભાષી હકીકત છે.

સવાલ:– નામ. ગુજરાત હાઈકોર્ટમા એન.એ.ની અરજી પેન્ડીંગ છે, તેવુ સરતપાસમા જણાવેલ છે તે કેસનો નંબર આપ જણાવી શકશો?

જવાબ:– હાલમા કોઈ અરજી પેન્ડીંગ નથી, પરંતુ નામ. ગુજરાત હાઈકોર્ટના આદેશનુ અમલીકરણ પેન્ડીંગ છે.

એ વાત ખરી છે કે મે હાલના દાવાના કામે કલેકટરશ્રી સુરેન્દ્રનગર સમક્ષ એન.એ.ની પ્રક્રીયા પેન્ડીંગ હોવા અંગેનો ઉલ્લેખ મારી આંક–૨૪૮ની સરતપાસમા કરેલ નથી કે તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ મે આ કામે રજુ રાખેલ નથી.

સવાલ:– દાવાવાળી જમીન સંદર્ભે વાદી તથા પ્રતીવાદી નં.૧ ઈન્દુમતીબેન ગીરજાશંકર ઓઝા સાથે થયેલ કહેવાતો તા.૨૦/૦૩/૨૦૦૬ના રોજનો બાનાખત કરાર રજીસ્ટર કરાર નથી?

જવાબ:– હા, તે નોટરાઈઝડ બાનાખતકરાર છે.

એ વાત ખરી છે કે આંક–૧૯૦ના તા.૨૦/૦૩/૨૦૦૬ના કન્સેન્ટ એગ્રીમેન્ટમા પાના નં.૨ પર પ્રથમ પેરેગ્રાફમા ખાલી જગ્યામા લખાયેલ *૨૦/૩/૦૬* હાથથી લખાયેલ છે, ટાઈપ કરેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે આંક–૧૯૦ના તા.૨૦/૦૩/૨૦૦૬ના કન્સેન્ટ એગ્રીમેન્ટમા પાના નં.૨ પર પ્રથમ પેરેગ્રાફમા ખાલી જગ્યામા લખાયેલ *૨૦/૩/૦૬* હાથથી લખાયેલ છે તે કોણે લખી છે. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના તા.૨૦/૦૩/૨૦૦૬ના રોજ થયેલ કરારના પેરેગ્રાફ નં.૩ની શરત મુજબ કરાર થયાના અઢાર મહીનામા નકકી થયેલ અવેજની રકમ ચુકવવાની હતી. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના કરાર મુજબ દાવાવાળી જમીન એન.એ. કરાવવાની જવાબદારી મારા શીરે હતી. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના કરારની શરત નં.૩(૨) મુજબ મારે એન.એ. એનઓસી મળ્યા બાદ પંદર દિવસમા પચાસ લાખ રૂપીયા તમારે પ્રતીવાદી નં.૧ને ચુકવવાના હતા. એ વાત

ખરી નથી કે આંક–૧૯૦ના કરારની તમામ શરતોનુ પાલન મારા ધ્વારા કરવામા આવેલ નથી.

સવાલ:– આંક–૧૯૦ના કરાર મુજબ પહેલા તમારી શરતોનુ પાલન કર્યા બાદ જ પ્રતીવાદી નં.૧નાએ તેમની શરતોનુ પાલન કરવાનુ આવે છે?

જવાબ:– એ વાત ખોટી છે, બંનેએ એકબીજાની શરતોનુ સાથે મળીને પાલન કરવાનુ હતુ.

એ વાત ખરી છે કે ઈન્દુમતીબેને તા.૨૦/૦૩/૨૦૦૬ અને તા.૨૪/૦૩/૨૦૦૬ના રોજ બે પાવર ઓફ એટર્ની વાદીના લાભમા કરી આપેલ. એ વાત ખરી છે કે પ્રતીવાદી નં.૧નાએ તેઓના વકીલ શ્રી મારફતે નોટીસના માધ્યમથી તથા દૈનીક ન્યુઝ પેપરમા જાહેર મારફતે તા.૨૮/૧૧/૨૦૦૭ના રોજ જાહેર નોટીસ આપીને ઉપરોકત જણાવેલ બંને પાવર ઓફ એટર્ની રદ કરાવેલ. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના કરાર મુજબ પ્રતીવાદી નં.૧એ આંક–૧૯૦ના કરારની સમયમર્યાદા એટલે કે અઢાર માસ પછી આંક–૨૧૭, આંક–૨૧૯ અને આંક–૨૨૦વાળી નોટીસો દૈનીક વર્તમાનપત્ર તેમજ વકીલ શ્રી મારફતે તા.૨૮/૧૧/૨૦૦૭ના રોજ આપેલ છે. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીન સંદર્ભે તા.૧૭/૧૦/૨૦૦૭ના રોજ એટલે કે તા.૨૮/૧૧/૨૦૦૭ની પાવર ઓફ એટર્ની રદ કરવા બાબતની નોટીસ આપ્યા અગાઉ મહે. કલેકટરશ્રી હુકમ કરી દાવાવાળી જમીન સંદર્ભે એન.એ. નામંજુર કરેલ છે.

સવાલ:– તા.૧૭/૧૦/૨૦૦૭ના કલેકટરશ્રી સુરેન્દ્રનગરના આંક–૨૦૯ના હુકમથી દાવાવાળી જમીનની એન.એ. પરમીશન નામંજુર કરેલ?

જવાબ:– ના, ખરી નથી, કેમ કે અંતીમ હુકમ નથી.

એ વાત ખરી છે કે મે મારી આંક–૨૪૮ની સરતપાસના પેજ નં.૬ પર શરૂઆતમા જણાવ્યા મુજબ પ્રતીવાદી નં.૧ ઈન્દુમતીબેનને તા.૦૬/૦૪/૨૦૦૬ના રોજ ચેક નં.૯૨૮૩૧, રૂપીયા અગીયાર લાખ પુરાનો યુનીયન બેન્ક ઓફ ઈન્ડીયા,

સુરેન્દ્દનગરશાખાનો ચેક તથા પ્રતીવાદી નં.૨ને ચેક નં.૦૯૯૧૩૯, રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાનો સુરેન્દ્દનગર ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેન્ક, સુરેન્દ્દનગર શાખાનો ચેક તથા આઈસીઆઈસીઆઈ બેન્કનો ચેક નં.૩૦૮૪૫૩, રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાના ચેક આપેલ હતા. મે આ ચેકો પ્રતીવાદી નં.૧ તથા પ્રતીવાદી નં.૨ને આપ્યા અંગેના બેન્કના સ્ટેટમેન્ટ અને તે દર્શાવતા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. મે આ દસ્તાવેજો આંક–૨૨૯થી નામ. કોર્ટમા રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે આંક–૨૨૯ના દસ્તાવેજી પુરાવા હિન્દુસ્તાન કોર્પોરેશનના લેઝર એકાઉન્ટના છે, બેન્ક સ્ટેટમેન્ટ નથી. એ વાત ખરી છે કે અમો જમીન લે–વેચનો ધંધો કરીએ છીએ અને નીયમીત ઈન્કમટેકસ રીટર્ન પણ ભરીએ છીએ અને તમામ હીસાબો ચોખ્ખા રાખીએ છીએ. પ્રતીવાદી નં.૨નાઓને રૂપીયા સત્તાવન લાખ રોકડમા ચુકવેલ તે બાબતે પ્રતીવાદી નં.૨ તરફથી લીધેલ કોઈપણ પ્રકારની પાવતી કે લખાણ મે મેળવેલ નથી. મે પ્રતીવાદી નં.૨નાને ચુકવેલ સત્તાવન લાખ રૂપીયાનો વ્યવહારનો ઉલ્લેખ ઈન્કમટેકસ રીટર્નમા કરેલ છે. મારા તમામ એકાઉન્ટ ઈન્કમટેકસ રીટર્નમા રજુ કરેલ છે. એ વાત ખરી છે કે મે આ કામે રૂપીયા સત્તાવન લાખ પ્રતીવાદી નં.૨ને ચુકવ્યા અંગેના મારા ઈન્કમટેકસ રીટર્નમા દર્શાવ્યા હોય તેવો ઈન્કમટેકસ રીટર્નનો પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. હું આ દસ્તાવેજી પુરાવાઓ મને ઉચીત જણાશે તો રજુ રાખીશ. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના કરારના પેરેગ્રાફ–૩મા આપેલ પેમેન્ટ શીડયુલના મુદા નં.૩મુજબ ચાર કરોડ રૂપીયા કરારથી અઢાર મહીનાની સમયમર્યાદામા મારે પ્રતીવાદી નં.૧ ચુકવવાના હતા તે મે ચુકવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રતીવાદી નં.૧ નાએ વધારાની રકમની માંગણી કરતા ચુકવેલ નથી. એ વાત ખરી નથી કે મારી આંક–૨૪૮ની સરતપાસના પેરા નં.૧૩મા જણાવેલ કે ''*કરારની શરતો જોતા એન.એ. મળતા જેટલી વાર લાગે ત્યા સુધી કરારનો અમલ ચાલુ ગણવો જરૂરી છે*'' પરંતુ કરારમા લખેલ શરતમા તેવી શરત લખેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૯૦ના

કરારમા કરારપાલનની મહત્તમ સમયમર્યાદા અઢાર માસ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે હું ખેડુત ખાતેદાર નથી.

સવાલ:– દાવાવાળી જમીન ખુલ્લી છે, તેમા પ્લોટીંગ થયેલ છે કે કેમ અને તેની સરકારી કે રેવન્યુ દફતરે નોંધ થયેલ છે કે કેમ?

જવાબ:– હા, પ્લોટીંગ થયા અંગેની સરકારી દફતરે નોંધ થયેલ છે.

મે દાવાવાળી જમીન પ્લોટીંગ થયા અંગેની સરકારી દફતરે થયેલ નોંધના પુરાવા રજુ રાખેલ છે. હું નામ. કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૯૪થી પ્લોટીંગ સંદર્ભેના સરકારી દફતરે રજુ કરેલ દસ્તાવેજ બતાવી કોર્ટમા રજુ કરેલાનુ જણાવુ છુ. એ વાત ખરી છે કે આંક–૧૯૪થી રજુ કરેલ દસ્તાવેજનો વિષય સુરેન્દ્રનગર, તાલુકો હળવદના મોજે ગામ હળવદના રેવન્યુ સર્વે નં.૨૫૪૮(એકત્રીત)ની એકર ૧૮૯૩૯૫.૦૦ ચો.મી. ગુંઠા જમીનના લે–આઉટ પ્લાનને રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગીની ભલામણ કરવા બાબત છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે આંક–૧૯૯થી આ કામે તે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. એ વાત ખરી છે કે મે આંક–૧૯૯ના નકશા આંક–૧૯૮ની એન.એ. કરવાના સંદર્ભમા રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે મે આંક–૧૯૦, આંક–૧૯૧ તથા આંક–૧૯૨ના દસ્તાવેજી પુરાવા અસલ રજુ રાખેલ નથી. હું નાઝર કસ્ટડીમા રજુ રાખેલ આંક–૨૪૧, આંક–૨૪૨ અને આંક–૨૪૩ના પુરાવાઓ જોઈને જણાવુ છુ કે, આ દસ્તાવેજી પુરાવાઓ આંક–૧૯૦, આંક–૧૯૧ તથા આંક–૧૯૨ના અસલ દસ્તાવેજી પુરાવાઓ છે. આંક–૨૪૧, આંક–૨૪૨ અને આંક–૨૪૩ના પુરાવાઓ ફરીથી ઉલટ તપાસ પુર્ણ થયા બાદ નાઝરની સેફ કસ્ટડીમા પરત કરેલ છે. એ વાત ખરી નથી કે દાવો કરવાનુ કોઈ કારણ ન હોવા છતા આ કામના પ્રતીવાદીઓની જમીન હડપ કરવા માટે ખોટો દાવો નામ. કોર્ટ સમક્ષ કરેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**<u>વાદી હીમાંશુ ચંદુલાલ ઠકકરની આંક–૨૪૮ની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૩</u>**

**<u>તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એચ.આર.શાહ.</u>**

**આ તબકકે કલાક ૦૫/૪૯ વાગ્યે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ પ્રતીવાદી નં.૩ તરફે વાદીની ઉલટ તપાસ માટે મુલતવી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૨/૦૨/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ